મૃત્યુની શુભવાર્તા અને આદર્શની અસારતા

પછી પાછો એ પ્રશાંત અને અપ્રશામ્ય અવાજ ગાજ્યો. આશાનો વિનાશ કરતા ને જીવનનાં સોનેરી સત્યોને વ્યર્થ બનાવતા એના ઘાતક સ્વરોએ કંપતી હવા ઉપર પ્રહાર કર્યો:

"પ્રકૃતિના બંદિ જીવ! આદર્શના પ્રદેશમાં તારી અવાસ્તવિક અમરતાનો આનંદ લેતા વિચારના જંતુ! જાણ કે તારી મહાસ્પૃહાઓ જ્યાંથી જન્મી છે તે આ જગત છે. જો આ અશરીરી દેવતાઓનાં હવાઈ અંગવસ્ત્રો પરની જ્યોતિની ઝૂલ જેવા આવીને અલોપ થઈ જતા આકારો. કદીયે જન્મી શકવાની નથી એવી વસ્તુઓનો જો આ મહાહર્ષ, આશા પ્રત્યે આશાનું આલાપાતું ગાન, વાદળાને સંતોષતું વાદળું; છાયામૂર્ત્તિ સાથે છાયા મૂર્ત્તિ કેવી રમી રહી છે, જો. હૃદયની ઈચ્છાના આધાર ઉપર વિચાર આદર્શની આયોજના કરે છે, પરંતુ એમના સાદને જવાબ આપનાર કોઈ સદ્-વસ્તુ હોતી નથી. આદર્શનો આવાસ નથી સ્વર્ગમાં કે નથી પૃથ્વી ઉપર. મનુષ્યની ઉત્સાહી આશાનો એ એક ઉજ્જ્વલ સન્નિપાત છે.

તારી દૃષ્ટિનો ભ્રમ નીલાકાશનું નિર્માણ કરે છે, મેઘધનુષ્યની કમાન આંકે છે, તારી મર્ત્ય લાલસાએ તારે માટે ચૈત્યની રચના કરી છે. જેને તું પ્રેમ કહે છે તે ફિરસ્તો દેહના ખમીરમાંથી જન્મ્યો છે ને એના નિવાસરૂપ દેહ સાથે એ પણ ધબી જશે. પ્રેમ તારા દેહાણુઓનો એક આવેશ છે. લોલુપતાના સંતોષ માટે માટી માટીને સાદ કરે છે. તારું મન જવાબ વાળતા મનને શોધે છે ને ક્ષણભર માની લે છે કે એને એનો સાથી મળ્યો છે. તારું જીવન સહારા માટે બીજું માનવ જીવન શોધે છે, બીજાના પ્રાણને ભોગે પોતાની ભૂખ ભાગે છે. તારું સ્વપ્ન આ જાનવરને અમર દેવ માને છે. અહીંનું સર્વ કંઈ શૂન્યમાંથી આવ્યું છે, કો અજ્ઞાન શક્તિને જોરે શૂન્યમાં ટકે છે ને પાછું મૂળ શૂન્યમાં શમી જાય છે. જે એકમાત્ર છે તેનામાં પ્રેમને માટે અવકાશ નથી. પ્રેમના નાશવંત કીચડને તું આદર્શનું આડંબરી અંબર ઓઢાડે છે; પણ આદર્શ કદીય વાસ્તવિક બન્યો નથી. દેહમાં પુરાતાં વાર એની આય ઊડી જાય છે.

અશરીરી આદર્શ મનોહર ને ભવ્ય ભાસવા છતાં છે મૂક. ચાલવા માટે એને પગ નથી, આપવા માટે હાથ નથી; એ ગમે તેટલો આકર્ષક હોય તો પણ એ છે

હવાઈ. સંગીન જેવું કંઈ હોય તો તે એક પૃથ્વી જ છે. સ્વર્ગો હોય તો તે પોતાના પ્રકાશમાં જ પ્રલીન છે, કોઈ સનાતન સત્ય સત્તા ચલાવતું હોય તો તે છે પ્રભુના કોક સૂમસામ શૂન્યમાં. દુ:ખની દુનિયામાં આદર્શ ક્યાં પગ માંડવાનો હતો? અહીં તો બધું જડતામાંથી જન્મ્યું છે, જડતા વડે પોષાય છે; વૈતરા સિવાય અહીં બીજું શું છે? આશાઓ છે પોલંપોલ; ટાંટિયાતોડ કરતા કરતા જવાનું છે ને છેવટે મોતને ભેટવાનું છે.

અવતારો આવ્યા ને આવ્યા તેવા ગયા. ઋષિમુનિઓનાં ચિંતનોએ શું સાધ્યું છે? પેગંબરોના પોકારો પોકળ હતા. દુનિયા તો બદલાયા વિનાની એવી ને એવી જ રહી છે. પોતાનાં પતન એને પ્રિય છે. ગમે તેટલી મોટી શકિતએય અપૂર્ણતાનો અંત આણ્યો નથી. તું આદર્શને ઉપાસે છે, પ્રેમની પૂજા કરે છે, પણ એ તારો પ્રેમ થોડોક ચમત્કાર કરીને જતો રહેવાનો છે, ને પછી તો જગત હતું તેવું ને તેવું જ બની જવાનું. આ મુગ્ધ કરતું માધુર્ય, દિવ્ય બની જતો રોમાંચ, સોનેરી સેતુ, શાશ્વતતા સાથે સંયોજનાર દોર,ખરે! આ બધુંય કેટલું નાજુક, કેટલું કમજોર, કેટલું તક્લદી છે! સત્યવાન જીવતો હોત તો તારો પ્રેમ મૃત્યુ પામી ગયો હોત. પણ એ અત્યારે મરણશરણ થયો છે ને પ્રેમ જીવશે. તને પરિચિત સત્યવાનનું વદન ક્યાંયે વિલીન થઈ જશે ને એનું સ્થાન લેવા બીજાં અવનવાં વદનો આગળ આવશે.

પ્રેમ ઓચિંતાનો પ્રકટ થાય છે ત્યારે માણસ એક સૂર્યલોકમાં પ્રવેશ કરે છે અને એને માટે બધું જ અદ્દ્ભુત બની જાય છે. પણ પ્રેમના ગુલાબમાં એક કીડો રહેલો હોય છે ને તે એના રળિયામણા હૃદયને રંજાડી મૂકે છે. એકાદ શબ્દ, એકાદ કાર્ય એ દેવતાનો અંત આણે છે.

પ્રેમની અમરતા અનિશ્ચિત છે. હજારો પ્રકારે એ પીડાય છે ને પંચત્વ પામે છે. દેવલોકના ખાદ્યમાત્રથી જ પ્રેમ જીવી શકતો નથી. પૃથ્વીનો રસ એને જીવતો રાખે છે. આદર્શની આભાઓ ઓસરી જતાં વિસંવાદો ને વિપરીત વસ્તુસ્થિતિ ઊભી થાય છે ને માણસ ઉપર ક્રૂર મીટ માંડે છે. સ્વર્ગીયતાની ઘડી અરૂપ કાળમાં પલાયન કરી જતી રહે છે.

આ વિટંબણામાંથી મૃત્યુએ તને તેમ જ સત્યવાનને બચાવી લીધાં છે. આ દગાગોર દુનિયામાં પશુજીવન જીવવા માટે એને પાછો બોલાવતી નહિ. મારા મહારાજ્યમાં એને સુખારામમાં સૂવા દે, કેમ કે પ્રેમ સુધ્ધાં ત્યાં શાંતિની સોડમાં સૂતેલો છે.

માટે હવે તું પૃથ્વીલોક પ્રત્યે પાછી વળ, હૃદયને જ્ઞાનોપદેશથી સમજાવ, ડાબલા દૂર કર ને જો. કેમ કે કઠોર જરૂરિયાતો કોરડા મારીને સ્વપ્નમાં ગરક થયેલા જીવને જગાડે છે. આનંદ શુદ્ધમાં શુદ્ધ આરંભાયો હોય છે ને એનો અંત પણ અવશ્ય આવે છે. માટે મારી ગહન સુખી શૂન્યતામાં ને નિ:શબ્દ શાંતિમાં તારા ભાવાવેશી સ્વભાવને સમર્પી દે ને ભૂલી જા. મારી રહસ્યમયતામાં વિશ્રાંતિ લે.

આત્મશક્તિનો વૃથા વ્યય વિસારે પાડ, થકવી નાખતા તારા જન્મચક્રને ભૂલી જા, સુખ , દુ:ખ ને સંઘર્ષની સ્મૃતિ મિટાવી દે, આગિયાના ઝુંડ જેવાં જગતો જન્મ્યાં ત્યારથી આરંભાયેલી અસ્પષ્ટ આત્મ-ખોજને, મનોમય વ્યોમમાં વિસ્ફુરંત વિચારોએ યાત્રા શરૂ કરી ને કાળનાં કલ્પો વિરાટમાં સર્પવા લાગ્યાં તથા મર્ત્યતામાં જીવો પ્રકટ થયા ત્યારથી શરૂ થયેલી શોધને વીસરી જા."

પણ કાળા કાળને સાવિત્રીએ ઉત્તર આપ્યો :

"હે યમરાજ! હવે તો તેં જોખમકારક સંગીતસૂરો કાઢવા માંડયા છે! થાકેલી આશાઓને તારી બંસરી લોભાવી રહી છે; તારાં જૂઠાણાંમાં તેં સત્યના વિષાદભર્યા સ્વર મિલાવી દીધા છે. પણ જાણ કે મારો પ્રેમ હૃદયની કોઈ ભૂખ નથી, માંસમાટીની કોઈ લાલસા નથી. એ આવ્યો છે પ્રભુ પાસેથી ને પ્રભુની પાસે પાછો જાય છે. જીવન ને માનવ ઘણું બધું વિકૃત બનાવી દે છે, તેમ છતાંય તે સર્વની અંદર દિવ્યતાનો મર્મર રવ સુણાય છે, સનાતન ધામોનો ઉચ્છ્વાસ અનુભવાય છે, વિસ્મૃત શિખરોના સાદ ઘેરી લેતા હોય છે, નિત્યની સમુદ્રનો સ્વર આવતો જ રહે છે. આ મારું મહિમાવંતું મીઠડું જગત એક દિવસ દેવોના છળવેશો વેગળા કરશે, પાપ-પીડામાંથી બહાર નીકળશે, ને સાંત્વના પામેલાં આપણે આપણી ભગવતી માના મુખનાં દર્શન કરીશું અને આપણા સરળભાવી બાલાત્માઓને એના ખોળામાં ઢાળીશું. ત્યાર કેડે સ્વર્ગના રઢિયાળા રાગ સંભળાશે, ને એકલા દેવાત્માઓ જ નહીં, પણ શુભ્ર દેવો જેને ચૂકી ગયા છે તેને મેળવવા માટે માના હૃદયમાંથી કૂદી પડેલા ઉગ્ર કાળા દાનવી જીવોય ઉદ્ધારની આશા સેવવા માંડશે. પોતાના એ બળવા-ખોર બાળકો માટેય મા પોતાના પ્રેમના બાહુ પ્રસારશે.

પ્રેમ, પ્રેમી અને પ્રેમપાત્ર બનેલો એક સનાતન આવ્યો ને એણે એક અદ્ભુત ક્ષેત્ર રચ્યું. એનાં ચમત્કારી નૃત્યચક્ર ત્યાં ચાલી રહ્યાં છે, ને આકર્ષાયેલો એ ત્યાં આવે છે ને અપવારિત થતાં ભાગી જાય છે. કાળનાં વર્ષોમાં એ પુરાણું હોવા છતાં મધુર નવું મુખ ધારીને આવતો રહે છે. કદીક એ આંખો સામે પ્રકટ થઈને હસે છે તો કદીક છુપાઈને એની મોહક બંસરીના સૂરથી લલચાવે છે. આ છદ્મવેશી પ્રેમી આપણા આત્માઓને આકર્ષતો જ રહે છે. એ પ્રેમી મારે માટે સત્યવાન બન્યો છે.

સૃષ્ટિના આરંભકાળથી અમે નર-નારીનો પાઠ ભજવતાં આવ્યાં છીએ. અનેક જગતોમાં ને અનેક જન્મોમાં એ શિકારી બનીને મારી શોધમાં નીકળ્યો હતો, અને હું પણ એની ભણી અધીર વેગથી ધાતી હતી. એટલે હવે તો જો કોઈ વધારે આનંદમય દેવ હોય તો તેણે પ્રથમ સત્યવાનનું સ્વરૂપ લેવાનું છે ને પોતાના આત્માને સત્યવાનના આત્મા સાથે એકાકાર બનાવી દેવાનો છે. કેમ કે મારે માટે એક સત્યવાન જ મારું આત્મસર્વસ્વ છે, મારા હૃદયમાં પ્રેમના સિંહાસને એ એક જ દેવ વિરાજમાન છે. યમરાજ! આગળ ડગ માંડ, આ ભૂત છાયાના બનેલા જગતની સુંદરતા વટાવી આગળ ડગ માંડ. હું અહીંની નિવાસિની નથી. હું

સ્વપ્નસ્વરૂપ પ્રભુને નહિ, અગ્નિસ્વરૂપ પ્રભુને ઉપાસું છું."

પણ યમે પોતાના પ્રશાંત ને પીડક પ્રભાવનો સાવિત્રીના હૃદય ઉપર પ્રહાર કર્યો :

"તારા વિચારો ઉજ્જવલ મતિભ્રમ છે. અધ્યાત્મદોરે બંધાયેલી બંદી બનીને તું ઘસડાય છે. તું છે તારી પોતાની ઇન્દ્રિયોની ઇચ્છાની ઉત્સાહી દાસી. તું તારા હૃદયના રાતા અનુરાગે ભર્યા શબ્દોને ગરુડની પાંખે સૂર્યને મળવા મોકલે છે. પણ રાગે ભર્યા આવેગી હૃદયમાં જ્ઞાન નિવાસ કરતું નથી. પરમ જ્ઞાનની ગાદી આગળ સંભળાયા વગરના તારા શબ્દો પાછા ફરે છે. પૃથ્વી ઉપર સ્વર્ગ સર્જવાની તારી આકાંક્ષા અર્થરહિત છે. આદર્શની ને ભાવનાની રચના કરવાવાળું મન જિંદગીના ગર્ભમાંથી જન્મેલું અન્નમયનું સંતાન છે. આકાશમાં ભવ્ય પ્રકારની હોવા છતાં એની ગતિ પૃથ્વી ઉપર પંગુ બની જાય છે. બંડખોર પ્રાણને એ ભાગ્યે જ ઘાટ આપી શકે છે, ઇન્દ્રિયોના ઘોડાઓને એ જવલ્લે કાબૂમાં રાખી શકે છે. સ્વર્ગ સામે એ મીટ તો માંડે છે, પરંતુ એનાં કામ ખોદી કાઢેલી કાચી ધાતુ જેવાં જ છે. જડદ્રવ્ય જ સર્વ કાંઈ છે. મન અને પ્રાણના પ્રણાશ પછી એ એકલું જ અવશેષમાં રહે છે, ને જો એનોય અંત આવે તો બધાનો અંત આવી જાય છે.

તારો આત્મા મન-માળીના બાગનું એક અલ્પજીવી ફૂલ છે. જડદ્રવ્યની ક્યારીમાં એનો જન્મ થયો છે; તારા વિચાર જડદ્રવ્યની કિનાર પાસે થઈ પસાર થઈ જતાં રશ્મિઓ છે; તારા પ્રાણ એના પારાવારમાં ઊછળીને શમી જતા તરંગ છે. જડદ્રવ્ય મનને ઇન્દ્રિયોને ખીલે બાંધી રાખે છે, પ્રાણને મનસ્વી ધૂનોના ભારેખમ રોજના ક્રમ સાથે ચપસી રાખે છે, પ્રાણીઓને નિયમને દોરે જકડી રાખે છે. જડદ્રવ્યના પાયા ઉપર બધું ઊભું છે ને એ જો પડી ભાગે તો બધુંય બેસી જાય છે.

આવું છે છતાં જડદ્રવ્ય પણ છેવટે તો આભાસ છે, પ્રતીક છે, શૂન્યાકાર મીંડું છે. એનાં રૂપોને જન્મનો મૂળ હક નથી. એનું સ્થિર સ્થાયિતાનું સ્વરૂપ એક બંદી ગતિની ઘૂમરી ઉપરનું ઢાંકણું છે, અવાસ્તવિક કાળનું નક્કર લાગતું મુખ છે, અવકાશની રિક્તતાને અંકિત કરતાં બિન્દુઓનું ક્ષરણ છે. સ્થાયી લાગતી ગતિમાંય છેવટે તો પલટો આવે છે ને છેલ્લામાં છેલ્લો પલટો તે મૃત્યુ.

દૈવયોગથી આલેખાયેલાં સ્વરૂપો સિવાય બીજું કશું જ નથી. સર્વે આભાસી શક્તિના આભાસી આકારો જ છે. મૃત્યુદેવની દયા હોય ત્યાં સુધી સૌ શ્વાસો-ચ્છ્વાસ લે છે ને જરાક વાર જીવે છે. અચિત્‌ની કૃપાથી બધા વિચારે છે ને ચેષ્ટાઓ કરે છે. ઓ વિચારની ગુલાબી વિલાસિતાની વ્યસની! મનોમય સ્ફટિકમાં દેખાતાં દર્શનો જોવા દૃષ્ટિને અંતર્મુખી કરતી નહિ, નયનો નિમીલિત કરીને દેવ-સ્વરૂપોનાં સ્વપ્નાંમાં સરતી નહિ. આખરે આંખો ઉઘાડવાનું કબૂલ કર ને તું તથા તારું જગત જે સામગ્રીનાં બનેલાં છો તે જો.

અચિત્‌ શૂન્યમાં એવું હાલતું ચાલતું જગત જન્મ્યું. એને એના પોતાના તથ્યથી સંતોષ ન થયો. જોતું, સંવેદતું ને પ્રેમ લહેતું કંઈક એના અજ્ઞાન વક્ષ:સ્થળ ઉપર

ઉત્પન્ન થયું. એણે પોતાની ચેષ્ટાઓનું નિરીક્ષણ કર્યું ને અંતરમાં એક જીવાત્માની કલ્પના કરી. સત્ય માટે પછી એ ભંભોળવા લાગ્યું ને આત્માના ને પ્રભુના સ્વપ્નમાં એ સરકી પડયું.

બધું અચેતન હતું ત્યારે તો બધું ઠીક હતું, મારું મૃત્યુનું રાજ્ય બરાબર ચાલતું ને શાંત રહી લાગણી વગર હું મારી બધી યોજનાઓ અમલમાં મૂકતો. પણ ગડબડ મચાવતા વિચારે વચ્ચે પ્રવેશ કર્યો અને એણે વિશ્વની મારી સંવાદિતાને વણસાવી મારી. કેમ કે પછી જડદ્રવ્ય આશા રાખવા માંડયું, વિચાર કરવા લાગ્યું, ચેતન-સંવેદનો અનુભવવા લાગ્યું, નસોમાં ને નાડીઓમાં હર્ષ-શોકનો સ્રોત શરૂ થયો, મનમાં એક અજ્ઞાન દૈવત જાગ્યું અને એણે સમજવાને માટે તર્કબુદ્ધિના નિયમની શોધ કરી. આખી કુદરતી આલમ ડામાડોળ થઈ ગઈ, એની વિશાળ અમર શાંતિનો લોપ થયો

પરિણામે સુખદુ:ખની જાળમાં ઝલાયેલા જીવો અસ્તિત્વમાં આવ્યા, જડ-દ્રવ્યની નિદ્રાનું, મનની મર્ત્યતાનું, પ્રકૃતિના પિંજરમાં મૃત્યુની રાહ જોતા જીવોનું ને ખોજ કરી રહેલા અજ્ઞાનમાં પડેલી ચેતનાનું દૃશ્ય ઊભું થયું.

આ છે એ જગત કે જેમાં તું ચાલી રહી છે, માનવ મનના અટવાયેલા માર્ગોએ આડે ચડી ગઈ છે, અંતહીન ચક્કરમાં પડી ગઈ છે, તારા ચૈત્ય આત્માની શોધે મચી છે અને અહીં પ્રભુ છે એવું માની બેઠી છે. પણ આ જડસા યંત્રમાં આત્માને માટે અવકાશ કયાં છે? કયાં છે પ્રભુને માટે સ્થાન? ગેસ, જીવદ્રવ્ય, શુક્રાણુ ને જાતિ-નિર્ણાયક તત્ત્વમાંથી તું જન્મી છે. માનવ મનની મહાકાય બનાવેલી મૂર્ત્તિને તું પ્રભુનું નામ આપે છે; પ્રભુ છે અવકાશ પર પાડવામાં આવેલી તારી પોતાની જ છાયા. અજ્ઞાનના વિરૂપિત કરતા અરીસામાં તારી ચેતના આસપાસના જગતનું પ્રતિબિંબ પાડે છે ને કલ્પનાના તારા જોવા દૃષ્ટિને ઊંચે વાળે છે. તારા આત્મા માટે તું અમરતાનો દાવો તો કરે છે પણ જાણે છે કે પગલે પગલે પોતાને જ હાનિ પહોંચાડતો દેવ, અપૂર્ણ માનવ અમર થઈ જાય તો તેનું દુ:ખ પણ અમર બની જશે? જ્ઞાનનો ને પ્રેમનો તું દાવો કરે છે, પણ જ્ઞાનને જાણ ભ્રમણાની બનાવટ ને પ્રેમ છે પૃથ્વીના રંગમંચ ઉપર અંગછટાનો પ્રદર્શક. પરીઓના નૃત્યનું એ ઉત્સાહથી અનુસરણ કરે છે. પ્રેમ છે હૃદયમાં રહેલું મદ્ય ને વિષ, ને એ જ દેવલોકનું અમૃત મનાય છે ને પિવાય છે

વળી માનુષી જ્ઞાન કોઈ મોટી મહિમાવંતી શકિત નથી ને પાર્થિવ પ્રેમ સ્વર્ગ-માંથી ઊતરી આવેલો કોઈ દ્યુતિમંત દેવતા નથી. એ ફિરસ્તાની પાંખો છે મીણની ને જો એ સૂર્યની દિશામાં જરા આગળ ઊડવા જાય છે તો તે પીગળી જાય છે ને ઊડવા નીકળેલો એ નીચે પડે છે ને પછડાય છે. દિવ્ય જ્ઞાનનું રાજ્ય પૃથ્વી ઉપર હોતું નથી. દિવ્ય પ્રેમ પૃથ્વી ઉપર પ્રાપ્ત થતો નથી ને સ્વર્ગમાં પણ એ હશે કે કેમ તેની કશી ખાતરી નથી.

તારું મન જડદ્રવ્યની એક કરામત છે ને તેમ છતાંય તું તારી જાતને એક દેદીપ્યમાન સૂર્ય માની બેઠી છે. તારું જીવન એક સત્વર સરી જતું સુહામણું સ્વપ્ન છે, સુખશર્મના ને સુપ્રભાના એક કિરણમાત્રથી અંજાઈ ગયેલા તારા હૃદયની ભ્રમણા છે. પગ નીચેની જમીન જતી રહે છે ત્યારે જડદ્રવ્યની ઓલાદ અવસાન પામે છે. અને શકિત એટલેય શું? એ છે પુરાણા શૂન્યાકારમાં ચાલી રહેલી કેવળ એક ચેષ્ટા. સર્વ કંઈ સ્વપ્નમાં ચાલી રહેલા એક સ્વપ્ન જેવું છે. જેને આદર્શ કહેવામાં આવે છે તે છે મનનો એક રોગ, વિચારનો ને વાણીનો સનેપાત, તને અસત્ દૃષ્ટિએ ઉઠાવી લઈ જનાર સૌન્દર્યનું માદક મદ્ય. તારી અભિલાષાની બનેલી કપોલકલ્પિત ઉદાત્ત કથા તારી માનુષી અપૂર્ણતામાં તારી ભાગીદાર છે. એને કદીય સ્વર્ગીય સ્વરૂપ પ્રાપ્ત થવાનું નથી. આદર્શ કાળમાં કદીય પ્રત્યક્ષ કે સિદ્ધ થવાનો નથી.

તો ઓ વિચારોની વૈભવશાળી ભવ્યતાથી ભરમાયેલા જીવ! સ્વર્ગનાં સ્વપ્ન સેવતા ઓ પૃથ્વી ઉપરના પ્રાણી! આ લોકના નિયમને આધીન થા. તારા આયુષ્યના દિવસો ઉપર જે પ્રકાશ પડે તેને અપનાવી લે. જીવન જેટલો આનંદ આપવા માગતું હોય તેટલો આનંદ માણ, નસીબના ચાબખા પડે તો તે કસોટીયે કબૂલ કર, જે જે શ્રમ કરવા પડે તે કર, જે જે શોક સહેવા પડે તે સહી લે, જે જે ચિંતાઓમાંથી પસાર થવું પડે તેમાંથી પસાર થા. આખરે તો મારી શાશ્વત નિદ્રાની શાંતિ તારે માટે આવવાની છે જ, ને એ તારા ભાવાવેશભર્યા હૃદયને નીરવ બનાવી દેશે. ત્યાર પછી તું જેમાંથી આવેલી છે તે મહામૌનની નિઃશબ્દતામાં નિત્યનિલીન થઈ જશે.”